**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

B/107, Harmu Housing Colony, P. O. Doranda,
P. S. Argora, Ranchi - 834 012
Ph. : 0651-2244144

**અખબારી યાદી**

# કોલસાની માગ અને સપ્લાય વચ્ચે મોટા ગાબડાને લીધે કોલસાની આયાત વધી

## રાજ્ય સભામાં કોલસા મંત્રાલય દ્વારા પરિમલ નથવાણીને જવાબ

**મે ૭, ૨૦૧૨ :** કોલસા મંત્રાલયની વાર્ષિક યોજના મુજબ દેશમાં કોલસાની અંદાજીત માગ અને સપ્લાય વચ્ચે મોટું ગાબડું પડ્યું છે. વર્ષ ૨૦૦૮-૦૯માં આ ગાબડું જે ૬૦.૮૩ મિલિયન ટન હતું તે વર્ષ ૨૦૧૧-૧૨માં વધીને ૧૬૧.૫૦ મિલિયન ટન થયું. તેજ રીતે આ સમયગાળા દરમ્યાન કોલસાની આયાત પણ ૫૯ મિલિયન ટનથી વધીને આશરે ૯૮.૯ મિલિયન ટન જેટલી થઇ. આ ગાબડું મોટું એટલા માટે થતું ગયું કારણ કે કોલસાની માગમાં જેટલો વધારો થતો ગયો તેની સરખામણીએ કોલસાનું ઉત્પાદન વધ્યું નહીં. આજે રાજ્ય સભામાં કેન્દ્રીય કોલસા રાજ્ય મંત્રી શ્રી પ્રતિક પ્રકાશબાપુ પાટિલે આ અંગે શ્રી પરિમલ નથવાણીએ ઉઠાવેલા કેટલાક પ્રશ્નોના જવાબમાં આમ જણાવ્યું.

મંત્રીજીએ કહ્યું કે દેશમાં કોલસાનું ઉત્પાદન વધારવા માટે શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવ્યા છે. તેમાં પર્યાવરણ અને વન વિભાગની મંજૂરીઓ જેમ બને તેમ જલ્દી મેળવવી, રેલવેના વેગનો વધુમાં વધુ મળે તે માટે રેલવે મંત્રાલય સાથે સંપર્ક કરવો તથા જમીન સંપાદન તેમજ કાયદો વ્યવસ્થામાં મદદ માટે રાજ્ય સરકારનો સંપર્ક કરવો જેવાં પગલાં સામેલ છે.

તેમણે વધુમાં જણાવ્યું કે કોલ ઇન્ડિયા લિમિટેડ અને તેની સહયોગી કંપનીઓએ પણ કેટલાંક પગલાં લીધાં છે. તેમાં યંત્રોની કાર્યદક્ષતા વધારવી, નિયમિત મોનિટરીંગ, યાંત્રિકીકરણ તેમજ પર્યાવરણ અને વન વિભાગની મંજૂરીઓને લગતા પ્રશ્નો તથા જમીન સંપાદન અને કાયદો વ્યવસ્થાના પ્રશ્નોનું સમાધાન જેવાં પગલાં સામેલ છે. કોલસાના બ્લોકોના બિડીંગ વિષે શ્રી નથવાણીના પ્રશ્નોના જવાબમાં મંત્રીજીએ જણાવ્યું કે સરકારે ગેઝેટમાં ૨ ફેબ્રઆરી ૨૦૧૨ના રોજ 'કોલસા ખાણ નિયમાવલિ ૨૦૧૨ની સ્પર્ધાત્મક બિડિંગ દ્વારા હરાજી' ને અધિસૂચિત કરી છે. તેમણે એમ પણ જણાવ્યું કે હવે પછી કોલસાના બ્લોકોની વહેંચણી આ કાયદા હેઠળની સુધારેલી જોગવાઇઓ તથા તે હેઠળ બનાવાયેલા નિયમો મુજબ કરવામાં આવશે.

શ્રી પાટિલે એમ પણ કહ્યું કે કોલસાના ભંડારોને રેગ્યુલેટ કરી તેની જાળવણી કરી તથા તેને લગતી બાબતો અને ઘટનાઓ વિષે એક કોલ રેગ્યુલેટરી ઓથોરિટી બનાવવાની દરખાસ્ત પણ છે. આ સૂચિત રેગ્યુલેટર કોલસાના ક્ષેત્રમાં કંપનીઓ વચ્ચે સમાન સ્તર બનાવવામાં, કોલસાની વાજબી કિંમત નક્કી કરવામાં તથા કામગીરીના માપદંડો જેવા મુદ્દાઓનું સમાધાન કરશે, તેવી અપેક્ષા રખાય છે.

★ ★ ★